| Published Date: | 9 Oct 2025 | Publication: | Prabhat (Gujarati) [Ahmedabad] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 2 |
| Circulation: | 22,572 | | |

# ટાટા એસેટ મેનેજમેન્ટ અને ઈક્વલ-વનમનીએ યુનિફાઈડ ફાઈનાન્શિયલ ડેશબોર્ડ 'પોર્ટફોલિયો ૩૬૦' લોન્ચ કર્યો

ઈક્વલ-વનમની સાથેના સહયોગમાં ટાટા એસેટ મેનેજમેન્ટે પોર્ટફોલિયો ૩૬૦ રજૂ કર્યો છે જે ટાટા મ્યુચ્યુઅલ ફંડ એપ પર ઉદ્યોગનું સૌપ્રથમ ફીચર છે જેનો ઉદ્દેશ્ય રોકાણકારોને તેમના સમગ્ર ફાઈનાન્શિયલ પોર્ટફોલિયોનો એકીકૃત, પારદર્શક અને એક્શનેબલ વ્યૂ પૂરો પાડવાનો છે.

ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૫ ખાતે રજૂ કરાયેલો પોર્ટફોલિયો ૩૬૦ વ્યાપક નાણાંકીય આંતરદ્રષ્ટિ તથા આયોજન માટે સિંગલ પ્લેટફોર્મ પૂરું પાડીને રોકાણકારોને કેન્દ્રમાં રાખે છે.

આ લોન્ચ અંગે ટાટા એસેટ મેનેજમેન્ટના સીઈઓ અને એમડી પ્રથિત ભોબેએ જણાવ્યું હતું કે ટાટા એસેટ મેનેજમેન્ટ ખાતે અમે પારદર્શકતા અને સરળતા દ્વારા રોકાણકારોને સશક્ત કરવામાં માનીએ છીએ. પોર્ટફોલિયો ૩૬૦ યુઝર્સને તેમની સંપત્તિનો સ્પષ્ટ, એકીકૃત વ્યૂ પૂરો પાડે છે અને તેમને વધુ સ્માર્ટ નિર્ણયો લેવામાં મદદ કરે છે. રોકાણોને સરળ બનાવવા અને નાણાંકીય આયોજનને વધુ સુલભ તથા ડેટા સંચાલિત બનાવવાની અમારી સફરમાં આ એક સીમાચિહ્ન છે.

ઈક્વલ-વનમનીના એકાઉન્ટ એગ્રીગેટર નિપુણતા સાથે ટાટા મ્યુચ્યુઅલ ફંડ એપની મજબૂતાઈને એક કરીને પોર્ટફોલિયો ૩૬૦ રોકાણકારોને આત્મવિશ્વાસભેર નાણાંકીય નિર્ણયો લેવામાં મદદ કરવા માટે પારદર્શકતા, નવીનતા અને ડેટા સંચાલિત આંતરદ્રષ્ટિને એક કરીને ડિજિટલ ઈન્વેસ્ટર સોલ્યુશન્સમાં નવો ટ્રેન્ડ સેટ કરે છે. ટાટા મ્યુચ્યુઅલ ફંડ એપે તેના લોન્ચિંગથી થોડા જ મહિનમાં ૬ લાખ ડાઉનલોડનો આંકડો વટાવી દીધો છે.

ઈક્વલ-વનમનીના સ્થાપક અને સીઈઓ કૃષ્ણા પ્રસાદે ઉમેર્યું હતું કે અમે રોકાણકારો સમક્ષ એકાઉન્ટ એગ્રીગેટર ઈકોસિસ્ટમની શક્તિ લાવવામાં ટાટા એસેટ મેનેજમેન્ટ સાથે ભાગીદારી કરતા અમે આનંદિત છીએ. પોર્ટફોલિયો ૩૬૦ એ દરેક ભારતીયને નાણાંકીય જાગૃતતા, આયોજન અને સ્વતંત્રતા સુલભ બનાવવા તરફનું એક મહત્વનું પગલું છે જ્યારે ડેટા પ્રાઈવસી અને સિક્યોરિટીના સર્વોચ્ચ ધોરણો પણ સુનિશ્ચિત કરે છે.